ગાંધીનગર સમાચાર

શહેરમાં ઠંડીમાં ઈંડા તથા નોનવેજની
લારીઓ વધતા નગરજનો હેરાન

## @ગાંધીનગર

● સેકટર-૨૧, દિગંબર જૈન દેરાસર ખાતે સવારે ૭ થી ૧૧ કલાક દરમિયાન શાંતિ વિધાનનો કાર્યક્રમ યોજાશે.

● સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે બપોરે ૨ થી ૮ કલાક દરમિયાન દિલ્હી પબ્લિક સ્કૂલનો બે દિવસીય એન્યુઅલ ફંકશનનો કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## આજે સે-૫-સીમાં રામકથા યોજાશે

ગાંધીનગર, તા.૧૬

રામકથા સમિતિ દ્વારા તા. ૧૭થી ૨૫ ડિસેમ્બર દરમિયાન બપોરે ૨.૦૦ કલાકે સેકટર-૫-સી ખાતેના નવરાત્રી ચોકમાં રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા ૧૭ ડિસેમ્બરને ગુરુવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે ભવ્ય પોથીયાત્રા વિમલભાઈ પુરોહિતના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૬૦૯/૧, સે-૫-સી ખાતેથી નીકળશે. પોથીયાત્રા સમગ્ર સેકટરમાં ફરી કથા સ્થળ નવરાત્રી ચોક ખાતે પહોંચશે. રામકથાનો પ્રારંભ સંજયભારતીની વ્યાસ પીઠે કરવામાં આવશે. નગરના તમામ નગરજનોને લાભ લેવા રામકથા સમિતિના સભ્યોએ જણાવ્યું છે.

# સે-૨૩ સ્વામીનારાયણ મંદિરે "હરિકૃપા દર્શન"ની તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ સ્થિત સ્વામીનારાયણ મંદિર ભગવત કૃપા પર્વની ઉજવણી પ્રસંગે હરિકૃપા દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. દર્શનીય, જાણવા, માણવા, તેમજ જોવા લાયક,પ્રેરણાદાયી આકર્ષક કલા,ભક્તિ,જ્ઞાન-વિજ્ઞાનના સમન્વય સાથેના પ્રદર્શનમાં બદ્રી નારાયણ ધામના દર્શન હરિભક્તોને થશે. આગામી તા. ૨૦ ડિસેમ્બરના રોજ સવારે ૮ કલાકે પ.પૂ.વિશ્વવંદનીય મોટા મહારાજશ્રી તેજેન્દ્ર પ્રસાદજી મહારાજના વરદ્‌હસ્તે હરિ કૃપા દર્શનનું ઉદઘાટન કરવામાં આવશે. બદ્રી નારાયણ ધામ તેમજ હરિકૃપા દર્શનની તડામાર તૈયારીઓ અત્યારે હાલ સ્વામીનારાયણ મંદિર ખાતે ચાલી રહી છે.


બદ્રીનાથની પ્રતિકૃતિ
(તસવીર : દિપક જાની)

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતે શાસ્ત્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી આગામી તા.૨૩થી ૨૭ ડિસેમ્બર ૨૦૧૫ને રવિવાર સુધી પાંચ દિવસ "ભગવતકૃપા પર્વ "નું ભાવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. આ બદ્રી નારાયણ ધામ હિમાલયમાં ૧૧૦૦ ફુટની ઉંચાઈ પર આવેલું છે. જયાં ભારતખંડના રાજા શ્રી નર નારાયણદેવ બદરીકાશ્રમ ધામમાં ભરતખંડની પ્રજાના સુખ માટે અખંડ તપ કરે છે. તે ધામની પ્રતિકૃતિરૂપે સેકટર-૨૩ સ્વામી નારાયણ મંદિર ખાતે ૩૦ ફુટની ઊંચાઈ તથા ૬૦-૪૦ ફુટના ઘેરાવામાં બદરી નારાયણ ધામ તૈયાર થશે. અદ્‌ભુત રમણીય પર્વતો, ગુફાઓ, ઝરણાઓ, રુષીમુનિઓના દર્શન થશે. આ પવિત્ર ધામમાં જંગલમાં જોવા મળતા હિંસક પ્રાણીઓ જેમ કે સાપ, નોળીયો, વાઘ, સિંહ, હરણ, સસલા,સહિતના પ્રાણીઓ પોતાની મુળ પ્રકૃતિ ત્યજી દઈને એક સાથે વિહરે છે.અહીં ગંગા દર્શનની સાથે સાથે બદરીકશ્રમમાં નરનારાયણ દેવ પણ બિરાજમાન છે. શ્રીમદ ભાગવત, મહાભારત, આદિ પુરાણોમાં શ્રી બદરીનારાયણ ધામ એ સ્વામી નારાયણ ભગવાનના પ્રાગટયની નિમિત ભુમી છે. ભગવાન વન વિચરણ દરમ્યાન વર્ણીવેશે આ બદરીનારાયણ ધામમાં પધારેલા છે. ભગવાનના હસ્તે નિર્મિત થયેલા નવ મંદિરો, બ્રહ્માનંદસ્વામી દર્શન, કલાત્મક હિંડોળા ઝુલતા શ્રી હરિ, છપૈયા દર્શન- ટ્રેન, જ્ઞાન સાથે ગમ્મત સાથે મંદિરે દર્શને આવતા ભકતોને ભકિત સાથે વૈવિધ્યસભર કલાકૃતિઓના અજોડ દર્શન થશે. આ પાવન પ્રસંગનુ તમામ સંકલન સે. ૨૩ મંદિરના પ.પૂ.શાસ્ત્રી હરિકેશવદાસજીની પ્રેરણા અને પૂ. હરિસ્વામીની દોરવણી હેઠળ થયેલ છે.આ ભકિતભાવનું સુંદર પ્રદર્શન નિહાળવા ધર્મપ્રેમી શ્રધ્ધાળુઓને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. અત્યારે હાલના સમયે હરિભકતો હરિકૃપા દર્શનની તૈયારીને આખરી ઓપ આપી રહ્યા છે.

# શહેરમાં ઠંડીમાં ઈંડા તથા નોનવેજની લારીઓ વધતા નગરજનો હેરાન

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં સતત પાંચમાં દિવસે ઠંડીએ જમાવટ કરી છે. નગરજમાં હાડ થીજાવતી ઠંડીમાં નગરજનો ઠુંઠવાઈ રહ્યા છે. અનેક શહેરીજનોએ ઠંડીમાં રક્ષણ મેળવવા ઈંડા તથા નોનવેજની લારીઓ પર ભારે ભીડ જમાવી છે. શહેરમાં અત્યારે હાલના સમયે સાંજ ઢળતાં જ ઈંડાની લારીઓ કાર્યરત થઈ જાય છે. વર્ષ દરમિયાન સુની રહેતી લારીઓ પર શિયાળાની સિઝનમાં ગ્રાહકોની સંખ્યા બમણી થઈ જાય છે. નગરમાં ઈંડાની ૧૦૦ થી પણ વધુ વાનગીઓ પીરસતી લારીઓ પર ગ્રાહકોની ભારે ભીડ જોવા મળે છે. ગણ્યાગાંઠ્યા ઈંડા-ખીમાના શોખીનોની સામે લારીઓના ફુટપાથો પર જામતા અડ્ડાના કારણે અનેક નગરજનો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે.



શહેરમાં અચાનક જ વધી ગયેલી ઈંડા-ખીમાની લારીઓ પર રાત્રીના સમયે યુવાનો ભીડ જમાવી રહ્યા છે. મોટાભાગની આ લારીઓ શહેરની ફુટપાથો પર જ તેમના ડેરા તંબુ તાણે છે જેના કારણે રાત્રીના સમયે ઈવનીંગ વોક લેવા નીકળતા સ્વાસ્થય પ્રેમી નગરજનોને ભારે અગવડનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ગ માર્ગ તથા ખ માર્ગ પર અનેક ઠેકાણે ઈંડા-ખીમાની લારીઓના અડીંગા જોવા મળી રહ્યા છે. આ લારીઓના વેપારીઓ બિનઅધિકૃત રીતે ફુટપાથ પર દબાણ કરી ચાલતા જતા રાહદારીઓ માટે અડચણરુપ બની રહ્યા છે. આમ છતા તંત્ર દ્વારા આ બાબતે આંખ આડા કાન કરાઈ રહ્યા છે. લારીઓ ઉભી રહેવાની સાથે તેના ગ્રાહકોને બેસવા માટેના સ્ટુલ તથા પાટલીઓ પણ ફુટપાથ પર જ રાખવામાં આવી રહી છે. વળી પીવાના પાણીની સ્ટીલની પવાલી મુકી હોવાથી ગ્રાહકો નાસ્તો કર્યા બાદ ત્યાં હાથ ધોતા હોવાથી ગંદકી પણ થઈ રહી છે. આ બધા સાથે ઈંડા-ખીમા તથા નોનવેજની બદબુ પણ રાહદારીઓ માટે મુશ્કેલી બની રહી છે.

# વડાપ્રધાનની ગુજરાત મુલાકાતને પગલે પોલીસની રજાઓ રદ

## કચ્છમાં યોજાનાર ઓલ ઈન્ડીયા ડીજી કોન્ફરન્સમાં પી.એમ. હાજરી આપવા આવશે

ગાંધીનગર, તા.૧૬

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૮ ડિસેમ્બરે ગુજરાતમાં આવનાર છે. કચ્છમાં યોજાનાર ઓલ ઈન્ડિયા ડીજી કોન્ફરન્સમાં હાજરી આપવા આવનાર વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખી પુરતો બદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે ત્યારે ૨૦ તારીખ સુધી ગાંધીનગર સહિત રાજયભરની પોલીસની રજાઓ રદ કરવાનો ડીજીપીએ હુકમ કર્યો છે.

કચ્છમાં ૧૮મી ડિસેમ્બરે યોજાનાર ઓલ ઈન્ડિયા ડીજી કોન્ફરન્સમાં નરેન્દ્ર મોદી હાજર રહેનાર છે તેમાં સુરક્ષા વ્યવસ્થા સંભાળતા તમામ દળોના વડાઓ મહત્વની બાબતો પર ચર્ચા કરશે. આ કોન્ફરન્સને પગલે ગુજરાતની મુલાકાતે આવનાર નરેન્દ્ર મોદીની સલામતી માટે પોલીસે લોખંડી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરી છે તે ઉપરાંત રાજયભરની પોલીસની ૨૦ ડિસેમ્બર સુધીની રજાઓ રદ કરવાનો હુકમ પણ ગુજરાત રાજયના ડીજીપીએ કર્યો છે. આ કોન્ફરન્સના સંદર્ભે ગોઠવાયેલ પોલીસ બંદોબસ્તમાં વિવિધ જિલ્લામાંથી પોલીસ ખડકી દેવામાં આવી છે જેમાં ગાંધીનગર જિલ્લાના એક પીએસઆઈને પણ બંદોબસ્ત માટે મોકલવામાં આવ્યા છે.

## ગાંધીનગર સિવિલની વધુ એક બેદરકારી સામે આવી

# સિવિલના રિપોર્ટમાં દર્દીને ડેન્ગ્યુ બતાવ્યો જયારે અમદાવાદમાં મેલેરીયા પોઝીટીવ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાવની સારવાર લઈ રહેલા ઈન્ડોર દર્દીનો મેડીકલ રિપોર્ટ નીકાળ્યો હતો. આ રિપોર્ટમાં ડેન્ગ્યું બતાવીને દર્દીને અમદાવાદ રીફર કરવામા આવ્યો હતો. અમદાવાદ સિવિલમાં દર્દીને ફરીવાર રિપોર્ટ કઢાવતા ઝેરી મેલેરીયા પોઝીટીવ આવ્યો છે. ત્યારે સિવિલની લેબની વિશ્વનીયતા પર પણ સવાલ ઉભા થવા પામ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અધ્યતન અને આધુનિક બનતા શહેર તેમજ જિલ્લાવાસીઓ મોટી સંખ્યામાં નિદાન માટે આવતા હોય છે. પરંતુ મેડીકલ કોલેજ બની હોવા છતા પણ વહીવટ તો અંધેર જ ચાલતો હોવાનું લાગે છે. શહેરના સેકટર-૩ માં રહેતા એક નાગરીકને તાવ આવતા સિવિલ લવાયા હતા. ત્યાં તેઓને દાખલ કરી ત્રણ દિવસ સારવાર આપવામાં આવી પરંતુ તાવ કાબુ ના આવતા મેડીકલ રિપોર્ટ કઢાવ્યા હતા. જેમા આ દર્દીને ડેન્ગયુ પોઝીટીવ આવ્યો હતો. ડેન્ગ્યું પોઝીટીવ આવતા પરિવાર ગભરાઈ ગયો હતો. સિવિલમાંથી વધુ સારવાર માટે દર્દીને અમદાવાદ મોકલવામાં આવ્યો હતો. દર્દીનો અમદાવાદ ખાતે રિપોર્ટ કરાવતા ઝેરી મેલેરીયા પોઝેટીવ આવ્યો હતો. ત્યારે ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે અને દર્દીના રિપોર્ટ કરવામાં આવે છે. ત્યારે સિવિલની લેબોરેટીની ગંભીર બેદરકારી સામે લેબની વિશ્વસનીયતાનો સવાલ ઉભો થાય છે.

# કુડાસણના ઉમિયા બંગ્લોઝ સોસાયટીમાં કોમર્શીયલ પ્રવૃત્તિઓનો ધમધમાટ

ગાંધીનગર, તા.૧૬

કુડાસણની ઉમિયા બંગ્લોઝ કો.ઓ. હાઉસિંગ સોસાયટીમાં કેટલાક રહીશો પોતાના બંગલાઓ ભાડે આપી કોમર્શીયલ ધોરણે ઉંચુ ભાડુ વસુલે છે. રહેણાંક વિસ્તારમાં કોમર્શીયલ પ્રવૃત્તિઓ ધમધમતા સ્થાનિક રહીશોની માનસિક શાંતિ ભંગ થતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. આવા સંજોગોમાં મકાનોના હેતુફેર ઉપયોગ બદલ દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ કરવામાં આવી છે. રહેણાંક વિસ્તારમાં થતી કોમર્શીયલ પ્રવૃત્તિઓને ડામવા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

કુડાસણ વિસ્તારના ઉમિયા બંગ્લોઝ ખાતેના રહીશોના જણાવ્યા મુજબ ઉમયા બંગ્લોઝના બંગલા નંબર ૭ અને ૮ના માલિકોએ કોમર્શીયલ ધોરણે પોતાના બંગલા રંગોલી પ્રિ. સ્કૂલને ભાડે આપેલ છે જેના કારણે આજુબાજુના રહીશોને માનસિક ત્રાસ સહન કરવાનો વારો આવ્યો છે. આ બદીને સમયસર અંકુશમાં નહિ લેવામાં આવે તો ગાંધીનગરનો નવવિકસીત વિસ્તાર પણ વસાહતીઓ માટે માથાના દુઃખાવા સમાન સાબિત થશે. ઉમિયા સોસાયટીના રહીશોએ આ પ્રવૃત્તિને ઉગતી જ ડામવા માટે ઘણીવાર રજુઆતો કરી હતી. પરંતુ કોઈ નિરાકરણ ન આવતા આખરે રહીશો કાયદાકીય લડત આપવા પણ તૈયારી કરી ચુકયા છે.

# દાગીના ધોવાને બહાને ગઠીયાઓ મહિલાને ચુનો લગાવી ગયા

## પેથાપુરની મહિલાની બંગડીઓ ઘસી આપવાનું કહીને બંગડીમાંથી બે ગ્રામ જેટલું સોનું કાઢી ગઠિયાઓ ફરાર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં અગાઉ તરખાટ મચાવી મુકનાર દાગીના ધોવાના બહાને છેતરપીંડી કરતી ગેંગ પુનઃ સક્રિય થતા પોલીસ દોડતી થઈ છે. ગઈ કાલે પેથાપુરની એક સોસાયટીમાં બે શખ્સો ઘુસ્યા હતા અને મહિલાની બંગડીઓ ધોઈ હતી. ત્યાર બાદ શંકા જતા વજન કરાવતા ધ્યાને આવ્યું કે બંગડીનું વજન ઘટી ગયું છે. આશરે રૂ. ૧૨ હજારના સોનાની ચોરી કરી બંને ગઠીયા ફરાર થઈ ગયા હતા. જો કે આ બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

પેથાપુરની એક સોસાયટીમાં ગઈકાલે બપોરના અરસામાં બે ગઠીયાઓ ફર્યા હતા ને દાગીના ધોવા માટે ફરતા હોવાની ઓળખ આપી કોઈ ટાર્ગેટ શોધી રહ્યા હતા. એક મહિલા મકાનમાં એકલી દેખાઈ એટલે ત્યાં પહોંચી ગયા અને સસ્તા ભાવે દાગીના ચકાચક કરાવી આપવાનું કહી તેમની બંગડી ધોઈ આપી હતી. મહિલાનો દિકરો મકાનમાં ઉપરના માળે હતો તેનું ધ્યાન આ શખ્સો પર પડતા માતાને દાગીના આપવાની ના પાડી દીધી હતી પરંતુ ત્યાં સુધીમાં દાગીના ધોવાઈ ગયા હતા અને પળવારમાં બંને ગઠીયાઓ છટકી ગયા હતાં. શંકા જતા મહિલાએ સોનીને ત્યાં જઈ બંગડીનું વજન કરાવ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે આશરે ૧૨ થી ૧૩ હજારની કિંમતનું સોનું બંગડીમાંથી નીકળી ગયુંહતું. જો કે આ બનાવ અંગે ફરીયાદ કરવાનું મહિલાએ ટાળ્યું હતું.

# રિસેપ્શનમાં ગાય જમવા આવી અને મચી અફડાતફડી...!!

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં લગ્ન ગાળાની મૌસમ ઠંડીની સાથે જ બરાબર જામી છે. કમૂરતા પહેલાના શુભ મુહુર્તોમાં નગરમાં ઠેર ઠેર લગ્ન સમારંભોના આયોજન જોવા મળ્યાં હતાં. આ ભરચક માહોલમાં સે-૧૪માં લગ્ન પ્રસંગે યોજાયેલા એક સત્કાર સમારંભમાં ગાય ઘુસી આવી હતી જેના કારણે ભારે અફડાતફડી મચી જવા પામી હતી.

વાત એમ છે કે સે-૧૪ના હાઉસીંગ બોર્ડના આવાસો છે ત્યાં મંગળવારે સાંજે એક લગ્નપ્રસંગ નિમિત્તે રિસેપ્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રિસેપ્શનમાં તમામ મહેમાનો તથા યજમાન સૌ કોઈ પોતાની મસ્તીમાં મગ્ન હતા. વરઘોડીયા સ્ટેજ પર મહેમાનોની શુભેચ્છાઓ સ્વીકારી રહ્યા હતા ત્યારે તેમના અંગત સ્વજનો તેમની પાસે હતા. રિસેપ્શનના મંડપના બીજા ભાગમાં જમણવાર ચાલી રહ્યો તો જે મહેમાનો શુભેચ્છાઓ આપી ત્યાં જમવા માટે પધાર્યા હતા તેઓ પોતાની ડીશ લઈ જમવામાં વ્યસ્ત હતા. જમવા સાથે એકબીજા સાથે વાતોમાં મશગુલ હતા. આ સમયે એન્ટ્રીના ગેટ પર કોઈ હાજર ના હોવાથી લાગ જોઈ એક રખડતી ગાયે જમણવારમાં પ્રવેશ કર્યો અને એક ટેબલ પર પડેલી એંઠી ડીશોમાંથી વધેલો ખોરાક ખાવા માંડી. અહીં સુધી તો કોઈનું પણ ધ્યાન ગાય પર ગયું નહોતું પરંતુ આ ટેબલે ખોરાક ખૂટી જતા ગાય બીજા ટેબલ ભણી જવા લાગી ત્યારે એક કાકાને અડફટે ચઢાવ્યા હતા. આ કાકાએ ગભરાઈને મંડપમાં દોટ મૂકી એથી અન્ય મહેમાનો પણ ગભરાઈ ગયા અને થોડીક જ સેંકડોમાં મંડપમાં અફડાતફડીનો માહોલ પેદા થઈ ગયો.

આ બધી ધમાલમાં ગાય પણ ગભરાઈને બહાર નીકળવાનો રસ્તો શોધવા મંડપમાં આમ તેમ દોડવા લાગી આથી પરિસ્થિતિ વધુ વિષમ બની. ઘણા બાળકો-મહિલાઓના હાથમાંથી જમવાની ડીશ છુટી ગઈ અને રાડારાડ કરવા લાગ્યા. વીફરેલી ગાયથી બચવા મહેમાનોએ ખુરશીઓ હાથમાં લઈ લીધી અને ઊંચી કરી ગાયને દૂર હડસેલવા લાગ્યાં. અંતે કેટલાક સભાન મહેમાનોએ ગાયને પુચકારી બહાર જવાના રસ્તે વાળી ત્યાંથી ગાય બહાર નીકળતા જ સૌએ હાંશકારો લીધો હતો. આ દરમિયાન થોડીક મિનીટોમાં સમગ્ર જમણવારમાં માહોલ ભારે અફડાતફડીનો અને ભયજનક બની ગયો હતો પરંતુ સદભાગ્યે કોઈને ઈજા ના થતા સૌએ રાહતનો દમ લીધો હતો.

# ચિલોડામાં સુલભ શૌચાલયની તાકીદની જરૂરિયાત

## ભારે અવરવજરવાળા આ સ્થળે જાહેર શૌચાલય જ નથી, બસ સ્ટેન્ડની મિલ્કત જર્જરીત બનીને બિનઉપયોગી પડી રહી છે

ગાંધીનગર, તા.૧૬

શૌચાલય ન હોય તો ચુંટણીઓમાં ઉમેદવારી થઈ શકતી નથી તેમજ સરકાર શૌચાલયને હાલ આવશ્યક બનાવી રહી છે ત્યારે પાટનગરના પડોશી અને ચોતરફથી ભરચક રહેતા ચિલોડામાં જ જાહેર શૌચાલય નથી. તો બીજી તરફ ચિલોડામાં બનાવાયેલું બસ સ્ટેન્ડ બિન ઉપયોગી થઈ જર્જરીત પડી રહ્યું છે. જેથી આ સરકારી મિલ્કત લોકપયોગી બને તે હેતુથી અહીં અત્યંત જરૂરી એવું સુલભ શૌચાલય બનાવાય તેવી મુસાફરોની જલદ માંગ ઉભી થઈ છે.

ગાંધીનગર, અમદાવાદ, દિલ્હી, દહેગામ તેમજ અનેક સ્થળોએ જવા આવવા પાટનગરનો પરા વિસ્તાર ચિલોડા ખુબ જ મહત્વસ્થાન બન્યું છે. દૈનિક લાખોની સંખ્યામાં મુસાફરોની અવરજવર રહે છે. છતાં સરકાર માટે ચિલોડા ઓરમાયું હોય તેમ તેના વિકાસ માટે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. પ્રથમ તો ચિલોડામાં આવન જાવનના કોઈ ચોકકસ પિક અપ બસ સ્ટેન્ડ નથી. શિયાળો, ઉનાળો કે ચોમાસુ હોય મુસાફરો દયનીય હાલતમાં મુકાઈ જાય છે તો બીજી તરફ જાહેર શૌચાલય પણ બનાવાતું નથી. જેથી અબાલ વૃધ્ધો, બાળકો અને મહિલાઓની સ્થિતિ કફોડી બને છે.

ચિલોડામાં વર્ષો જુનું બસ સ્ટેન્ડ છે જે બંધ હાલતમાં છે તેમજ બિન ઉપયોગી બનતા આ સરકારી મિલ્કત જર્જરીત બની ગઈ છે અને રાત્રી દરમિયાન અસામાજીક તત્વોના અડ્ડામાં ફેરવાઈ જાય છે. ખાનગી ધંધાદારીઓ પોતાના વ્યવસાયલક્ષી જાહેરાતો માટે પણ આ જગ્યાનો ઉપયોગ કરે છે. જેથી આ સરકારી મિલ્કતનો સદઉપયોગ થાય અને ચિલોડામાં વર્ષોથી જેનું અસ્તિત્વ જ નથી તેવું લોકપયોગી ભવ્ય સુલભ શૌચાલય બનાવાય તે હાલના સંજોગોમાં માંગ અને જરૂરિયાત બન્યું છે. બસ સ્ટેન્ડની જમીન જેટલી જ સુલભ શૌચાલય માટે જગ્યા જોઈતી હોય તેવું લાગવાથી આ બસ સ્ટેન્ડના બદલે જાહેર સુલભ શૌચાલય બની શકવાના સંજોગો પ્રબળ બન્યા છે. રાજય સરકારે પાટનગર સહિતના અનેક શહેરોના મુસાફરોની જરૂરિયાતને ધ્યાને રાખી શૌચાલયની આવશ્યકતાને પ્રાધાન્ય આપે તેવી લોકલાગણી ઉભી થઈ છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## વાતવાતમાં

● શિયાળાની સવારનો કૂણો તડકો સૌને ગમે પણ એના માટે નગર સેવકોની ગ્રાન્ટમાંથી મુકાયેલા બાંકડા ઉઠાવી પોતાના ઘર આગળ થોડા ગોઠવી દેવાય? ઘણા સેકટરોમાં માથા ભારે રહીશોએ રાહદારીઓ તથા વડીલો માટે મુકવામાં આવેલા બાંકડા પોતાના ઘર આગળ ગોઠવી દીધા છે જયાં સવારના તડકે બેસી મહિલા મંડળ ગપ્પા હાંકતુ જોવા મળે છે.

● સે-૬-બીની ઝાડીમાં નીલગાયનું આખેઆખુ ટોળું જ ધસી આવ્યું હતું. અને કલાકો સુધી ફરતું રહ્યું હતું. નીલગાયના ટોળાને જોઈ વસાહતીઓમાં કોઈ અકસ્માત ના સર્જાય તે માટે ભીતિ પેદા થવા પામી હતી.

● ફરી એકવાર તંત્રએ સપાટો બોલાવતા ઘ-૨ સર્કલ નજીકના ગ રોડ પરના સેન્ટ્રલ વર્જમાં લાગેલા બિન અધિકૃત જાહેરાતોના બોર્ડ બેનર્સ હટાવી દીધા હતા. ખરેખર તો મનપાએ અન્ય શહેરોની જેમ વીજ થાંભલે અધિકૃત નીઓન સાઈનબોર્ડ લગાડી જાહેરાતોની આવક ઉભી કરવી જોઈએ જે નગરના વિકાસ કાર્યો માટે વાપરી શકાય.

● કચ્છ ખાતે ફરી એકવાર જાજરમાન રણોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે જેને માણવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસ માટે પધારી રહ્યાં છે. વડાપ્રધાનના માનમાં યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમમાં રજૂ થનાર નૃત્યો બરાબર ના લાગતા છેવટે રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલ કાર્યક્રમમાં રજૂ થયેલ નૃત્યો રિપીટ કરવાનો નિર્ણય લેવાયો હતો અને તે માટે તાબડતોબ ગાંધીનગરના કલાકારોને કચ્છ તેડાવવામાં આવ્યા છે.

● અગાઉ વિવાદિત તલાટીની ભરતી પ્રક્રિયા નવેસરથી પ્રારંભ થતા જ પ્રથમ દિવસે ઓનલાઈન અરજી કરવા ઉમેદવારોનો ધસારો એટલો બધો વધી ગયો કે સર્વર જ હેંગ થઈ ગયું હતું. અનેક આશાસ્પદ યુવાનોના માનસમાં નિરાશા પેદા કરનાર આ ભરતી પ્રક્રિયા ફરી આખે આખી 'હેંગ'ના થાય તેની ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે કાળજી રાખવી જરૂરી છે.

● બુધવારનો દિવસ ગાંધીનગર માટે ખાસ બની રહ્યો હતો. આજે શહેરના અંતિમધામ મુકિતધામ ખાતે કોઈની પણ અંતેષ્ઠિ યોજાઈ નહોતી. એટલે કે નગરમાં એક પણ મૃત્યુ થયું નહોતું.

● ગાંધીનગરમાં સૌ પ્રથમવાર હાફ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું છે. અને તેમાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશનનો પ્રારંભ થઈ ચુકયો છે. ધીમે ધીમે ગાંધીનગર પણ મોટા શહેરોના ગુણ કેળવતું જાય છે.

● ગાંધીનગરના ત્રણ પીએસઆઈની આંતરિક તથા અન્ય ત્રણ પીએસઆઈની જિલ્લા ફેર બદલી કરવામાં આવી છે. પોલીસ તંત્રની બદલીઓથી કાર્યપધ્ધતિ સુધરશે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે.

● નગરમાં ફેલાયેલી શીતલહરના કારણે મોર્નિંગ વોકર્સમાં ભલે ઘટાડો થયો હોય પરંતુ સેકટર-૧૧ સહિતના મેદાનોમાં યુવાનો વહેલી સવારે ક્રિકેટ રમવા માટે મોટી સંખ્યામાં એકત્ર થાય છે. આમ પણ યુવાનોને પોતાના શોખ માટે કોઈ પણ મુશ્કેલી આડી આવતી નથી.

● એવું કહેવાય છે કે શિયાળાનું ખાધેલું આખું વર્ષ કામ આવે છે. હાલ નગરજનો શિયાળાના વસાણા ઉપરાંત ડ્રાય ફ્રુટસ અને મસાલેદાર વાનગીઓની લિજ્જત ભરપૂર માણી રહ્યા છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫